પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧ | ૨૨ માર્ચ, ૨૦૨૦, રવિવાર; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોનાને મ્હાત કરવા આજે જનતા કર્ફ્યુ

## કોરોનાના ફેલાવાને રોકવા માટે આજે દેશમાં જનતા કર્ફ્યુ રહેશે : આજે ૨૪૦૦ પેસેન્જર, ૧૩૦૦ એક્સપ્રેસ ટ્રેનો બંધ રહેશે : તમામ લોકોને ઘરમાં રહેવા માટે અપીલ કરાઇ : ટ્રેનો અને બસ સેવા સહિતની મોટા ભાગની સેવા બંધ : બધા પ્રકારના બજારો બંધ : પડકારો પહેલા તૈયારી

નવીદિલ્હી, તા. ૨૧ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ પર ૧૪ કલાક માટે જનતા બનાવવા માટે ચારેબાજુ સમર્થનની જાહેરાત કરવામાં આવી રહી છે. આવતીકાલે તમામ રાજ્યોએ પણ તૈયારી કરી છે. કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે આ જનતા કર્ફ્યુ

- સવારે સાત વાગ્યાથી લઇને રાત્રે નવ વાગ્યા સુધી આવતીકાલે જનતા કર્ફ્યુ રહેશે
- કોઇ ઘરમાં ઇમરજન્સી આવે તો ઘરની બહાર નિકળી શકો છો
- આપની આસપાસની દુકાનો પર દુધ બ્રેડ લેવા માટે જઇ શકો છો. કારણ કે તે જરૂરી ચીજો છે જેના માટે આપને રોકવામાં આવનાર નથી.
- પોલીસ, મિડિયાવાળા, તબીબો ઘરથી બહાર નિકળી શકે છે.
- સફાઇની જવાબદારી ધરાવતા લોકો પણ ઘરનીબહાર નિકળી શકે છે.
- સાંજે પાંચ વાગે બારી બારણા પર ઉભા થઇને તબીબો, પોલીસ જવાનો અને મિડિયાના લોકો પ્રત્યે પાંચ મિનિટ માટે આભાર માનવામાં આવે તે જરૂરી છે
- સાંજે પાંચ વાગે સાયરન મારફતે સુચના આપવા માટે કહેવામાં આવ્યુ છે.
- ૧૩૦૦ મેઇલ અને એક્સપ્રેસ ટ્રેનો આવતીકાલે બંધ રહેનાર છે.

કર્ફ્યુને લઈને કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ ચુકી છે. આને સફળ પ્રકારની પરિવહન સેવા બંધ રહેનાર છે. આના માટે તમામ રાખવા માટેની તૈયારી કરવામાં આવી છે. સોશિયલ ડિસ્ટેન્સિંગના હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. આવતીકાલે તમામ લોકોને પોતાના ઘરમાં જ રહેવા માટેની માટેની સલાહ તમામ લોકોને આપવામાં આવી છે. પાર્કમાં પણ ન જવા માટે કહેવામાં આવ્યુ છે. અને ચાર લોકોના મોત પણ થયા છે ત્યારે આ નિર્ણય કરવામાં આવ્યો છે. સવારે સાત વાગ્યાથી




### આજે ૩૭૦૦ ટ્રેન ૧૦૦૦ ફલાઈટ રદ

કોરોના સામેના જોખમને ધ્યાનમાં લઈને દેશભરમાં આવતીકાલે, રવિવારે જનતા કરફ્યુ રાખવાની પીએમ મોદીએ અપીલ કરી છે. આ સંજોગોમાં રેલવે દ્વારા આવતીકાલે ૩૭૦૦ ટ્રેન રદ કરવાની જાહેરાત કરાઈ છે.ખાનગી એરલાઈન્સ ગો એર તમામ અને ઈન્ડિગોએ ૪૦ ટકા ફલાઈટોની ઉડાન રદ કરી છે. રેલવેના આદેશ પ્રમાણે શનિવારે મધરાતથી જ રવિવારે રાતે ૧૦ વાગ્યા સુધી દેશના કોઈ પણ રેલવે સ્ટેશનથી કોઈ પણ યાત્રી કે એક્સપ્રેસ ટ્રેન નહી ચાલે.જ્યારે મુબંઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈમાં એટલી જ લોકલ ટ્રેન ચલાવાશે જેટલી જરુરી છે.આ માટે દરેક ઝોનને પોતાની રીતે નિર્ણય કરવાની છુટ અપાઈ છે.

સુચના આપવામાં આવી છે. જનતા કર્ફ્યુને પાળવા માટેની પણ સુચના આપવામાં આવી છે. પોતાની સોસાયટીમાં પણ ન ફરવા લોકો એકબીજાથી ન મળે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતમાં કોરોના વાયરસના કેસો ઝડપથી વધીને ૩૦૦ થઈ ગયા છે લઈને રાત્રે નવ વાગ્યા સુધી ઘરમાં રહેવા માટે તમામ લોકોને કહેવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશના ૨૨ રાજ્યોમાં કોરોનાના ૩૧૦ કેસ

## કુલ ૨૫૧ કેસો પૈકી ૩૮ મામલા વિદેશી લોકોના રહેલા છે : હાલમાં કોરોના વાયરસ થયા બાદ ૨૩ લોકો સ્વસ્થ થઇ ચુક્યા છે : વિદેશમાં ફસાયેલા લોકોને પણ પરત ભારત લવાયા છે : મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો

નવી દિલ્હી, તા.૨૧ કોરોના વાયરસે વધુ ખતરનાક સ્વરૂપ ધારણ કરતા ભારતમાં પણ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે ભારતમાં કુલ કેસોની સંખ્યા વધીને ૨૯૯ ઉપર પહોંચી ગઈ છે. મૃત્યુ પામેલા લોકોની સંખ્યા પાંચ ઉપર પહોંચી ગઈ છે. ભારતમાં કુલ કેસો થયા છે તે પૈકી ૩૯ વિદેશી લોકો છે. ભારતમાં આવતીકાલે જનતા કર્ફ્યુ પહેલા કેસોની સંખ્યામાં એક જ દિવસમાં ઉલ્લેખનિય વધારો થયો છે. કોરોનાના સૌથી વધારે મરીજ મહારાષ્ટ્રમાં છે. જ્યારે કેરળમાં ભારતીય પોઝીટીવ આવેલા લોકોની સંખ્યા ૩૩ અને સાત વિદેશી પોઝીટીવ આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૨૩, મહારાષ્ટ્રમાં ૬૪, દિલ્હીમાં ૨૫ પોઝીટીવ કેસ થઈ ચુક્યા છે. કોરોનાને રોકવા માટે આવતીકાલે જનતા કર્ફ્યુની જાહેરાત થઈ છે. ૨૩થી વધુ લોકોને રજા આપી દેવાઈ છે.ભારતમાં કોરોનાને લઈને લોકોને જાગરૂક કરવામાં આવી રહ્યા છે. વિદેશમાં ફસાયેલા લોકોને પણ ભારતમાં પરત લાવવામાં આવી રહ્યા છે. કોરોનાના કારણે મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસો નોંધાયા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૬૪ થઈ છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની વાત કરવામાં આવે તો પુણેમાં સૌથી વધુ કેસો સપાટી પર આવ્યા છે. મુંબઈ સહિત કેટલાક શહેરોમાં શટડાઉનની સ્થિતી રાખવામાં આવી રહી છે. કોરોના વાયરસનો સામનો કરવા માટે દિલ્હીમાં એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે. હવે કોઈપણ પ્રકારના કાર્યક્રમ, પ્રદર્શનમાં ૫૦થી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. પહેલા આ સંખ્યા ૨૦૦ રાખવામાં આવી હતી. અલબત્ત લગ્ન પ્રસંગને રાહત આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં કોરોનાનો હાહાકાર

### ઈટાલીમાં કોરોનાનો કાળો કેર

#### ૨૪ કલાકમાં ૬૦૦થી વધુ લોકોના મોત

સમગ્ર વિશ્વને ભરડામાં લેનારા કોરોના વાયરસના કારણે વાયરસના જનક ચીન કરતાં પણ યૂરોપના દેશ ઈટાલીની સ્થિતિ દયનીય છે. ઈટાલીમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૬૨૭ લોકોનાં મોત થયા છે જ્યારે દેશનો કુલ મૃતાંક ૪૦૩૨ થતાં હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે ઈટાલીમાં દફનવિધિ કરવા માટે કબ્રસ્તાનો ખૂટી પડ્યા છે. સામાન્ય પ્રજા ઘરમાં તાળાબંધીમાં છે ત્યારે સેનાએ દફનવિધિ કરવા માટે મેદાને ઉતરવું પડ્યું છે.કોરોના વાયરસથી પીડાતા જગતમાં ઈટાલીમાં માનવ ખુંવારી થઈ છે. ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૭ મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૦૦૦ પાર થઈ ૪,૦૩૨ થયો છે.

### દુનિયાના ૧૮૫ દેશો કોરોના વાયરસના સકંજામાં : ચીનમાં ગંભીર કેસોની સંખ્યા વધી ૭૯૧૧ થઇ : વિશ્વના દેશોમાં કેસોની સંખ્યા વધીને હવે ૨૭૬૧૭૯ પર પહોંચી

બેઝિંગ,તા. ૨૧ દુનિયાના ૧૮૫ દેશોમાં ભારે આતંક મચાવી રહેલા કોરોના વાયરસના કારણે હવે મોતનો આંકડો વધીને ૧૧૪૦૬ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે રિકવર થયેલા લોકોની સંખ્યા ૯૧૯૫૨ થઈ ગઈ છે. વિશ્વના દેશોમાં કોરોના વાયરસના કારણે કુલ કેસોની સંખ્યા હવે ૨૭૬૧૭૯ ઉપર પહોંચી ગઈ છે. હજુ સુધી બંધ કરી દેવામાં આવેલા કેસોની સંખ્યા ૧૦૩૩૫૮ સુધી પહોંચી છે. માઈલ્ડ કેસોની સંખ્યા ૧૬૪૯૧૦ રહી છે. આવી જ રીતે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૭૯૧૧ સુધી પહોંચી ગઈ છે. બીજી બાજુ ચીનમાં મોતનો આંકડો ૩૨૫૫ સુધી પહોંચી ગયો છે. ચીનમાં કોઈ નવા કેસો સપાટી પર આવ્યા નથી. જો કે પહેલાથી જ ગંભીર રહેલા દર્દીઓ પૈકી વધુ ૪૧ દર્દીના મોત થયા છે. ચીનમાં હજુ ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૧૯૨૭ રહેલી છે. સ્થિતી હવે ઝડપથી ચીનમાં સુધરી રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઇ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. કોરોના વાયરસને રોકવા માટે હવે

● અનુસંધાન પાન-૭ પર

### રાજ્યના ચાર મહાનગરો લોકડાઉન

#### સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદ ૨૫મી સુધી લોકડાઉન

ગાંધીનગર, તા. ૨૧ રાજ્યના ચાર મહાનગરો સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદ ઉપરાંત ગાંધીનગરમાં પણ ૨૫મી સુધી લોકડાઉન કરવાનો રાજ્યની ઉચ્ચ કક્ષાની બેઠકમાં નિર્ણય લેવાયો હતો. સરકારની યાદીમાં જણાવ્યા મુજબ કોવિંડ-૧૯ના પગલે એપેડેમીક ડિસીઝ એક્ટ લાગુ કરી મહાનગરોમાં જાહેરનામાના ભંગ કરવા બદલ કાનૂની કાર્યવાહી કરાશે.

જીવન જરૂરિયાતની વસ્તુ ઉપલબ્ધ બનાવવા મેડીકલ સ્ટોર, દવાખાના તથા આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો અને ગોડાઉનને ખુલ્લા રાખવા મંજુરી અપાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યના મોટાભાગના મહાનગરો અને નગરોમાં પણ ૨૫મી સુધી વ્યપાર, ધંધા, રેસોરન્ટ તથા વ્યવસાયિક કચેરીઓ બંધ રાખવા ફરજ પડાશે. માત્ર પોલીસ, મેડીકલ સ્ટાફ, મીડિયા અને દૂધ - શાકભાજીવાળા સિવાય અન્ય કોઈને પરમિશન અપાશે નહીં.

### મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ૨૧ બળવાખોર ધારાસભ્યો ભાજપમાં જોડાયા

ભોપાલ,તા. ૨૧ મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રચવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. કારણ કે કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો આજે ભારતીય જનતા પાર્ટીમાં વિધિવતરીતે સામેલ થઈ ગયા હતા. છેલ્લા કેટલાક દિવસથી બેંગલોરમાં રોકાયેલા તમામ બળવાખોર સભ્યો આજે દિલ્હી પહોંચ્યા હતા. ત્યારબાદ તમામ સભ્યો ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાને મળ્યા હતા. તેમની ભાજપમાં એન્ટ્રી થઈ હતી.

### કોરોનાના કારણે વૈશ્વિક અર્થતંત્ર પર અતિગંભીર અસર પડશે : આઈએમએફ

વૉશિંગ્ટન,તા.૨૧ દુનિયા અત્યારે વૈશ્વિક મહામાહી કોરોના વાયરસના પ્રકોપ સામે ઝઝૂમી રહી છે. ચીનથી નીકળેલ આ જાનલેવા વાયરસે લગભગ ૧૮૫ દેશોને પોતાની ચપેટમાં લીધા છે. આ મહામારીથી અત્યાર સુધી ૧૦ હજારથી વધુ લોકોના જીવ જઈ ચૂક્યા છે જેના કારણે દુનિયાભરની સરકારો ફફડાટમાં છે. કામકાજ, વૈશ્વિક વેપાર ત્યાં સુધી કે ઘણી ઈટલી જેવા દેશોએ ખુદને સંપૂર્ણપણે બંધ કરી લીધા છે. આ બધાનો પ્રભાવ વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ પડી રહ્યો છે જે આવનારી મોટી મંદી તરફ દુનિયાને ધકેલી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રાકોણના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે આ ચેતવણી આપતા કહ્યુ કે વૈશ્વિક કોરોના વાયરસ મહામારીનો પ્રભાવ ઘણો ગંભીર હશે પરંતુ એક લાંબી વિસ્તાર સમય અને ઉચ્ચ રોજગાર દરનો અર્થ છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થાને વર્તમાન સ્થિતિમાં મોટો ઝટકો મળી શકે છે. આઈએમએફની રણવીતિ અન સમીક્ષા વિભાગના પ્રમુખ માર્ટિન મુહેલેસેને એક ઈન્ટરવ્યુમાં આગળ કહ્યુ, અત્યારે સરકારોનુ મુખ્ય લક્ષ્ય આ રીતની મહામારીના વિસ્તારને સીમિત કરવાનો હોવો જોઈએ, જેનાથી અર્થવ્યવસ્થાને લાગનાર આર્થિક ઝટકો અસ્થાયી થાય.

તેમણે કહ્યુ કે બેંકો અને સરકારોએ બજારોને તરલતા આપવા અને તેમને કાર્યશીલ રાખવા માટે પહેલેથી જ અભૂતપૂર્વ ઉપાય કર્યા છે પરંતુ આની કદાચ વધુ જરૂર રહેશે.

તેમના પ્રભાવને વધારવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે આવા પગલાને સમન્વય કરવા જોઈએ. આ સંકટ માટે સારા સંગઠન અને વધુ સમન્વિત આરોગ્ય પ્રતિક્રિયા જરૂર છે જેનાથી જેટલુ જલ્દી થઈ શકે આત્મવિશ્વાસ પાછો આવે. સાત અમીર દેશોના સમૂહના નેતાઓના ગયા સપ્તાહે કહ્યુ કે તે પ્રકોપનો જવાબ આપવા માટે અમુક જરૂરી પગલાં લેશે.

### રાજ્યમાં ૨૫મીએ વરસાદની આગાહી

અમદાવાદ,તા. ૨૧ દેશ અને ગુજરાતમાં એક તરફ કોરોના વાયરસે ભરડો લીધો છે ત્યારે તા.૨૫મી માર્ચે રાજયના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરતા ખેડૂતો સહિત હવે તો આમ નાગરિકોની ચિંતામાં વધારો થયો છે. રાજ્યના હવામાન વિભાગે આગામી તા.૨૫ માર્ચના થન્ડર સ્ટોર્મ એક્ટિવિટીના કારણે વરસાદની સંભાવના વ્યક્ત કરતા ખાસ કરીને જગતના તાતની ચિંતામાં વધારો થયો છે. તો બીજીબાજુ, કોરોનાના કહેરને લઈ જો વરસાદ પડે તો કોરોનાનો ચેપ વધુ ફેલાય નહી તેની દહેશતને લઈ સામાન્ય પ્રજાજનો પણ ચિંતાતુર બન્યા છે. બીજીબાજુ, આજે અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ભુવા, ખડકાલા, જના સાવર, મોલડી, અમૃતવેલ સહિતના પંથકોમાં આજે કમોસમી વરસાદ પડ્યો હતો.




